**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૧૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૬૮ ટકા

# સે-૨૮ જીઆઈડીસીમાં ઠેર ઠેર વહેતું ગટરનું પાણી





ગાંધીનગર, તા.૨૩

શહેરમાં વારે તહેવારે પાણી, ઉભરાતી ગટર અને ઠેર ઠેર ગંદકીની સમસ્યા ધ્યાનમાં આવતી રહે છે. જે સમસ્યાનો હલ કરવા છતાં શહેરમાં પાછી આવીને જ ઉભી રહેતી હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર જીઆઈડીસીમાં ઠેર ઠેર ગંદકી અને દુર્ગંધભર ઉભરાતી ગટરના પાણી રોડ પર વહી રહ્યા છે. વારંવાર ફરિયાદ લખાવા છતાં કે રજૂઆત કર્યા છતાં આ બાબતનો નિવાડો હજુ આવ્યો નથી. શહેરની જનતા અને ઉદ્યોગકારો દ્વારા આ સામાન્ય પ્રશ્નોનો ઉકેલ આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર જીઆઈડીસી વિસ્તારમાં ઠેર ઠેર ગંદકી સાથે દુર્ગંધ મારતી ઉભરાતી ગટરના પાણી રોડ પર વહી રહ્યા છે. ત્યાંના રહીશો અને ઉદ્યોગકારોનું કહેવું છે કે, નગરપાલિકા દ્વારા ગાંધીનગર જીઆઈડીસીમાંથી મોટા ટેક્ષ ઉઘરાવવામાં આવી રહ્યા છે પરંતુ પાયાની સગવડના નામે મીંડુ મળી રહ્યું છે. ઔદ્યોગિક એરિયા હોવા છતાં દિવસમાં ફકત એક જ કલાક પીવાનું શુધ્ધ પાણી આપવામાં આવી રહ્યું છે. ગટરોની મરામતના અભાવે ઘણા બધા ગટર ઉભરાવવાના કિસ્સા બની રહ્યા છે. સે-૨૮ જીઆઈડીસીમાં છેલ્લા એક સપ્તાહથી પ્લોટ નં. ૪૦૬ના દરવાજા પાસેના ગટરના ઢાંકણામાંથી ગટરનું દુર્ગંધસભર પાણી ઉભરાઈને જાહેર રસ્તા ઉપર વહી રહ્યું છે. જે મચ્છરનો ફેલાવો વધારી રહ્યું છે. અમને ડર છે કે અમને મચ્છરજન્ય રોગ ભરખી ન જાય. વારંવાર રજૂઆત કરવા છતાં આ પ્રશ્નોનું નિરાકરણ આવતું નથી. સરકાર દ્વારા આવા સામાન્ય પ્રશ્નોનો નિકાલ જલ્દીથી થાય તેવી જનતા અને ઉદ્યોગકારો દ્વારા માંગણી ઉઠવા પામી છે.

## ચરેડી ચોકડી પાસે ડમ્પરની અડફેટે શ્રમિકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર-પેથાપુર માર્ગ પર ચરેડી ચોકડી પાસે માર્ગ ઓળંગતી વખતે ડમ્પરની અડફેટે આવી જતા શ્રમિક ગંભીર રીતે ઘાયલ થયા હતા. ડમ્પરનું ટાયર આધેડના પેટ પર ફરી વળતા ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા, જયા ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યા હતા. અકસ્માત સર્જીને ડમ્પર ચાલક ડમ્પર મુકીને ફરાર થઈ ગયો હતો. મૃતકના ભાઈની ફરીયાદને પગલે સે-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના ઘ-૭ સર્કલથી પેથાપુર તરફ જતા માર્ગ પર ચરેડી ચોકડી ખાતે માર્ગ ઓળંગવા જતા સમયે ડમ્પર નીચે આવી ગયેલા શ્રમિકનું મૃત્યુ નિપજયું હતું. ચરેડી છાપરા ખાતે રહેતા આધેડ રમેશભાઈ વિશાભાઈ દંતાણી પોતાના છાપરાથી ચોકડી તરફ નીકળ્યા હતા. તે સમયે જી.જે.૧૮.એ.એકસ-૧૪૩૪ નંબરના ડમ્પર ચાલકે આધેડને અડફેટે લીધા હતા. જેમાં શ્રમિક નીચે પડી જતા ડમ્પરનું ટાયર શ્રમિકની છાતી અને પેટ પરથી ફરી વળ્યું હતું. સ્થળ પર હાજર સ્થાનિક નાગરીકોએ તેમના ઘરે બનાવની જાણ કરી હતી. જેને પગલે ઈજાગ્રસ્તના મોટાભાઈ સહિતના સગાઓ દોડી આવ્યા હતા. જેમાં આધેડ ડ્રાઈવર સાઈડના ટાયર બાજુ ગંભીર રીતે ઘાયલ હાલતમાં જોવા મળ્યા હતા. ઈજાગ્રસ્તનો સ્થાનિક નાગરીકો અને પરિવારના સભ્યોએ તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા, જયા ફરજ પરના ડોકટરે તેઓને મૃત જાહેર કર્યા હતા. જયારે અકસ્માત સર્જીને ડમ્પર ચાલક ડમ્પર મુકીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મૃતકના મોટાભાઈ પ્રહલાદભાઈ વિશાભાઈ દંતાણીની ફરીયાદને પગલે સેકટર-૨૧ પોલીસે ડમ્પર ચાલક સામે ગુનો નોંધી ફરાર ડમ્પર ચાલકને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

## ચિલોડા પાસે એકટીવા સ્લીપ થતા વિદેશી દારૂના કવાટર ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

ચિલોડા પોલીસનો સ્ટાફ ગતરોજ હિંમતનગર હાઈ-વે પર આગમન હોટલ પાસે વાહન ચેંકીગ કરી રહ્યો હતો. તે સમયે રાત્રીના સાડા નવ વાગ્યાના અરસામાં એક શંકાસ્પદ એકટીવા ચાલકને ઉભુ રાખવા માટે પોલીસે ઈશારો કર્યો હતો. પરંતુ એકટીવા ચાલક ત્યાંથી એકટીવા ફુલ સ્પીડે હંકારી ફરાર થઈ ગયો હતો. જેને પગલે પોલીસે સેકન્ડ મોબાઈલથી પીછો કરી એકટીવા ઉભુ રાખવા માટે જણાવ્યું હતું. જેથી તેણે અચાનક બ્રેક મારતા એકટીવા સ્લીપ થઈ જતા માર્ગ પર પટકાયો હતો.પોલીસે સફેદ એકટીવાની આગળ પડેલો થેલો ચેક કરતા તેના નાના૧૮૦ એમએલના ૪૨ જેટલા કવાટર મળી આવ્યા હતા. જયારે એકટીવા ચાલક છારાનગર કુબેરનગર ખાતે ફી કોલોની ખાતે રહેતો પીંકેશ ધીરસીંગ માછરેકર (ઉં.વ.૪૨) હોવાનુ સામે આવ્યું હતું. જેને પગલે પોલીસે રૂ.૩૯૪૮ની કિંમતનો દારુનો જથ્થો અને રૂ.૧૫ હજારના જી.જે.૦૧.એમ.એકસ.-૪૯૯૪ નંબરનું એકટીવા જપ્ત કરીને આરોપીની ધરપકડ કરી હતી. ચિલોડા પોલીસે આરોપી સામે પ્રોહિ. એકટ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પોર ગામે વરલી-મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર તાલુકાના પોર ગામે વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. ઈન્ફોસીટી પોલીસને કુડાસણથી પોર તરફ જતા માર્ગ પર કાચની ફેકટરીની પાસે વરલી મટકાનો જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રેઈડ કરતા પોરમાં ચાંમુડાવાસમાં રહેતા પોપટ ધુળાજી ઠાકોર (ઉં.વ.૩૬) ઝડપાઈ ગયો હતો.જેની પાસેથી પોલીસે વરલી મટકાનો જુગાર રમાડવાનું સાધન-સાહિત્ય અને રૂ.૧૧૭૫ રોકડા જપ્ત કર્યા છે. પોલીસે આરોપી સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



પંચમુખી મહાદેવ મંદિર સે-૫ ખાતે રાધાકૃષ્ણ મંડળની બહેનો દ્વારા એકાદશી વ્રત ઉજવણી નિમિત્તે મહાપુજા કરવામાં આવી હતી. જેની પૂજાવિધિ શાસ્ત્રી સમીરભાઈ દ્વારા કરવામાં આવી હતી. બે દિવસીય મહાપુજામાં ભાવિકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## નિઃશુલ્ક સમસ્ત મોચી સમાજ જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૩

સમસ્ત મોચી સમાજના દેશ વિદેશમાં વસતા અપરિણીત યુવક યુવતિઓ માટે મોચી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરાના પ્રમુખ ઘનશ્યામભાઈ ટી. ચૌહાણે વિનામૂલ્યે જીવનસાથી પસંદગી મેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જે અંગે નિયત નમુનામાં પુરી વિગતો અને સ્કુલ લીવીંગ પ્રમાણપત્રની નકલ સાથે ભરી પ્રતિનિધિ મહેન્દ્રભાઈ કે. ચૌહાણ ૧૭૯/૨, સે-૧૪-ગાંધીનગર મો. ૯૪૨૭૦ ૫૬૮૪૫નો સંપર્ક કરી ફોર્મ મેળવી તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં મોકલી આપવા સંસ્થા દ્વારા જણાવાયું છે. ઉમેદવારને ફોર્મ ભર્યા બાદ વધુ વિગતની જાણ કરવામાં આવશે અને બુકલેટમાં પણ વિગતો અપાશે તેમ સંસ્થાના કાર્યકર મહેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા જણાવાયું છે.



વિકાસના નામે શહેરમાં જયાં ત્યાં ખાડા ખોદી ગટરો બનાવી દેવાઈ છે અને પાઈપલાઈનો નાંખી દેવાઈ છે. વિકાસ સામે વાંધો નથી પરંતુ અધકચરા, અધુરા અને તકલાદી કામો સામે વાંધો છે. સચિવાલયના સેવા સંકુલ-૨ની પાસે જ બસસ્ટોપ નજીક વાહનોની અવરજવરના કારણે ગટર દબાઈ રહી છે અને મોટો ખાડો પડી રહ્યો છે. સરકારી કામ કરતા કોન્ટ્રાકટરો પર જરાક ઘોંસ બોલાવવામાં આવે તો આવું તકલાદી કામ થતું અટકી શકે છે.

## રાજય સરકારના ખેડુતલક્ષી સહાય પેકેજને ભારતીય કિસાન સંઘ દ્વારા આવકાર

ગાંધીનગર, તા.૨૩

રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા ઐતિહાસીક સર્વગ્રાહી ખેડુતલક્ષી સહાય પેકેજનો ભારતીય કિસાન સંઘ દ્વારા આવકારવામાં આવે છે. અગાઉ રૂ.૭૦૦ કરોડ અને આજે રૂ.૩૭૯૫ કરોડના ખુબ મોટા રાહત પેકેજની જાહેરાતે એ સાબિત કર્યું છે કે રાજય સરકાર ખેડુતો માટે સતત ચિંતત છે. છેલ્લા કેટલાક વર્ષો બાદ ચાલુ વર્ષે અતિશય મેઘો મુશળધાર થતા ખેડુતોની હાલત કફોડી બની જવા પામી હતી. ખેતરમાં લહેરાતા ઉભા પાક નિષ્ફળ નિવડ્યા હતા. આ વર્ષ ખેડુતો માટે પડકારરૂપ સાબિત થયુ છે. ત્યારે તાજેતરમાં ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડુતોની ચિંતાને ધ્યાને રાખીને ગત તા.૨૧ નવેમ્બરના રોજ રાજય સરકારને પત્ર લખી ખેડુતોના નુકશાન અંગે જાણ કરી હતી. ત્યારે રાજય સરકાર દ્વારા આજદિન સુધીના સૌથી મોટા રાહત પેકેજમાં તમામ ૩૩ જિલ્લાના ૨૪૮ તાલુકાના ૧૮૩૬૯ ગામોના ૫૬ લાખ ૩૬ હજાર ખેડુતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત સરકાર પાક વિમા કંપનીઓના સંપર્કમાં રહીને વધુ પાક વિમાનો પણ લાભ ખેડુતોને મળે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. ત્યારે ભારતીય કિસાન સંઘના ગુજરાત પ્રદેશ પ્રમુખ વિઠ્ઠલભાઈ દુધાત્રા અને મહામંત્રી બાબુભાઈ.કે.પટેલ રાજયના મુખ્યમંત્રી, ડે.મુખ્યમંત્રી, કૃષીમંત્રીનો આભાર વ્યકત કરીને રાહત પેકેજને આવકારે છે.

# શહેરનો ટાઉનહોલ ખંડેર બની રહ્યો છે

### છેલ્લા પાંચ વર્ષથી ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ માર્ગ મકાન વિભાગમાં ગોથે ચઢયો છે

ગાંધીનગર, તા.૨૩

એક જમાનામાં આ હોલમાં સરકારી કાર્યક્રમો જ નહીં.. પરંતુ નગરના કલાકારોને સ્ટેજ પુરું પાડવા સહીત અનેક નામી કલાકારોના સુર સંગીતની સુરાવલી સાથે કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવતુ હતુ. શહેરના સે-૧૭ સ્થિત ટાઉનહોલની હોલની દશા સુધારવા ત્વરિત રીનોવેશનનુ કામ હાથ ધરવામાં નહીં આવે તો કદાચ સરકારી ગાઈડ બહારથી આવતા મુલાકાતીઓને આ પ્રમાણે સંબોધન કરતા નજરે પડશે..!! હાલ મચ્છર, માંકડ, ઉંદર, બિલાડી અને રખડતા કુતરાઓ અડ્ડો બનતા ટાઉનહોલનુ હવે નવુ નામાભિધાન કરવુ પડે તેવી સ્થિતિ છે. ટાઉનહોલમાં બંધ એસી અને લબકજબક થતી લાઈટો વચ્ચે પડદા અને સીટ કોતરવા હોલમાં આંટા મારતા ઉંદરોના હાથમાં પણ કાંઈ ન લાગે તેવી સ્થિતિ છે. હોલની છતમાંથી અચાનક ખરતા પોપડા ખંડેર સરકારી આવાસમાં બેઠા હોય તેવો અહેસાસ કરાવે છે. બંધ એસી અને સાંકડી બેઠક વ્યવસ્થા પણ શ્રોતાઓને ગુંગળામણનો અનુભવે કરાવે છે. આમ છતાં ટાઉનહોલના રીનોવેશનની યોજના છેલ્લા પાંચ વર્ષથી માર્ગ મકાન વિભાગમાં ધક્કે ચઢી છે. રીનોવેશનનો પ્રોજેકટ હજુ કાગળ પર ચિતરાયો નથી. બીજીતરફ આ સ્થિતિથી ત્રસ્ત નગરના કલાકારો અને કલા સંસ્થાઓ હવે ટાઉનહોલના રીનોવેશન માટે ઉપવાસ આંદોલનની રાહે લડત આપવાના મુડમાં છે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના ટાઉનહોલના રીનોવેશનની યોજના છેલ્લા પાંચ વર્ષથી ધક્કે ચઢી છે. આ માટે બજેટમાં અગાઉ જોગવાઈ કરવામાં આવી હોવા છતા હોલના રીનોવેશનનો પ્રોજેકટ હજુ પુર્ણ રીતે કાગળ પર પણ ચિતરાયો નથી. ટાઉનહોલના રીનોવેશનની કાર્યયોજના માર્ગ મકાન વિભાગ છેલ્લા પાંચ વર્ષથી વાગોળે છે. પરંતુ કંગાળ હોલના નવિનીકરણ માટે વાતો સિવાય કાંઈ થયુ નથી. શહેરમાં એક માત્ર ટાઉનહોલ છે. મહાત્મા મંદિરનુ તોતિંગ ભાડુ કાર્યક્રમના આયોજકોને કોઈ કાળે પોષાય તેમ નથી. જયારે સે-૧૨ સ્થિત મેડિકલ કોલેજનો હોલ પણ ભાડાપેટે ફાળવવામાં આવતો નથી. ત્યારે નાછુટકે ટાઉનહોલમાં જ કાર્યક્રમનુ આયોજન કરવુ પડે તેવી મજબુરી વચ્ચે આયોજકો પણ માથુ ખંજવાળી રહ્યા છે. ટાઉનહોલના છતમાંથી પોપડા ખરી રહ્યા છે. એસી બંધ હાલતમાં છે. સ્ટેજના ઠેકાણાં નથી. સાંકડી બેઠક વ્યવસ્થામાં ખુરશીમાં બેસવુ પણ મુશ્કેલ છે. લાઈટીંગ પણ ગમે ત્યારે ડુલ થઈ જાય છે. ધુળિયા કર્ટેઈનમાં પણ ઉંદરો ફસડાયેલા પડ્યા છે. ઉંદર બિલાડીનું ઘર બનેલા ટાઉનહોલમાં કાર્યક્રમ દરમિયાન જ સ્ટેજ પર લાઈટના કાચ નીચે પડતા કલાકારોને ઈજા થઈ હોવાના પણ અનેક દાખલા છે. આમ છતા માર્ગ મકાન વિભાગ કે સરકારના પેટનુ પાણી હલતુ નથી. બંધ પડેલા સરકારી આવાસ જેવા ટાઉનહોલમાંથી અત્યાર સુધી વિભાગે ભાડા પેટે પણ તગડી આવક રળી છે. વર્ષ દરમિયાન મોટાભાગે બુક રહેતા હોલની ભાડાની તગડી આવક રળીને હવે આ હોલને કંગાળ હાલતમાં જાણે બિનવારસી હાલતમાં છોડી દેવાયો હોય તેવી સ્થિતિ છે. છેલ્લા પાંચ વર્ષથી પાટનગર યોજના ભવનના અધિકારીઓ ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી નકશા ડિઝાઈન જ તૈયાર કરી રહ્યા છે. સ્માર્ટ સીટીમાં સમાવિષ્ટ શહેરના ટાઉનહોલની દશા સુધારવાની યોજના સાકાર થતી જ નથી. વર્ષો વિતી ગયા છતા ટાઉનહોલનો પ્રોજેકટ હજુ અભ્યાસુ તબક્કામાંથી બહાર આવતો જ નથી. કલા અને સંસ્કૃતિને વરેલા શહેરમાં કલાકારોને સ્ટેજ પુરુ પાડતા એકમાત્ર હોલની હાલત એટલી હદે બદતર બની છે કે કલાકારો કે શ્રોતાઓ હોલમાં બેસવાનુ પણ હવે પસંદ કરતા નથી. અણઘડ અને ભ્રષ્ટ વહીવટનો ચિતાર બયાન કરતા ટાઉનહોલના રીનોવેશન માટે અત્યાર સુધી અનેકવાર નગરના અગ્રણીઓ તેમજ કલા સંસ્થાઓએ રજુઆત પણ કરી છે. પરંતુ તંત્રના અધિકારીઓ આ પ્રોજેકટને કાગળ ઉપર પણ આખરી કરી શકયા નથી. ટાઉનહોલમાં આંટા મારતા તોતિંગ ઉંદરો પણ બેઘડી મહેમાન બની આવતા નેતાઓનો ઝભ્ભો કોતરવા ઉત્સુક છે. !! વાઈબ્રન્ટ એકઝિબીશન સ્પોટથી ચાર ડગલા દુર સ્થિત ટાઉનહોલ જાળવણીના અભાવે ખંડેર બન્યો છે. કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા આ શહેરના કલાકારોએ સમગ્ર વિશ્વમાં ડંકો વગાડ્યો છે. ત્યારે નવા ઉગતા ઉભરતા કલાકારોને સ્ટેજ પુરું પાડતો ટાઉનહોલ ભુતિયો બની ગયો છે. મચ્છર, માંકડ, ઉંદર, બિલાડી અને રખડતા કુતરાઓના અડ્ડાના લીધે પ્રાણી સંગ્રાહલય બનવા તરફ આગળ વધતા ટાઉનહોલના કંગાળ બિલ્ડીંગને હવે નવુ બોર્ડ મારવાનુ જ બાકી છે. આ સ્થિતિ વચ્ચે શહેરના કલાકારો તેમજ કલા સંસ્થાઓ હવે ટાઉનહોલનના રીનોવેશનનુ કામ ઝડપથી હાથ નહીં ધરાય તો આંદોલનની રાહે લડત આપવાના મુડમાં છે.

#### વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે મેડિકલ કોલેજનો હોલ ભાડે આપવા માંગ

ટાઉનહોલના રીનોવેશનનુ કામ ઝડપથી હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. હોલમાં આવતા શ્રોતાઓ પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે. ત્યોર વિવિધ કાર્યક્રમોના આયોજકોની મુંઝવણ વધી છે. લાંબા સમયથી ખંડેર બનેલા ટાઉનહોલના રીનોવેશનની યોજના ત્વરિત હાથ ધરવા ઉગ્ર રજુઆતો થઈ રહી છે. ત્યારે ટાઉનહોલના રીનોવેશનની કામગીરી દરમિયાન વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે સે-૧૨ સ્થિત મેડિકલ કોલેજના હોલને ભાડા પેટે કલા સંસ્થાઓને ફાળવવામાં આવે તેવી પણ રજુઆત કલાકારો દ્વારા કરવામાં આવી છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**મરજાવા**
૧૧.૪૫, ૫.૧૫, ૧૦.૪૫
**પાગલપંતી**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫
**બાલા**
૧૦.૩૦, ૨.૩૦, ૮.૦૦
**હાઉસફૂલ-૪**
૯.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૦, ૧.૨૦, ૭.૨૫, ૧૦.૦૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**મરજાવા**
૯.૪૫, ૧.૪૫, ૩.૩૦, ૭.૨૫, ૧૦.૩૫
**બાલા**
૧૧.૦૦, ૪.૩૫, ૧૦.૧૫
**હાઉસફૂલ-૪**
૧૨.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૧૦, ૭.૪૫, ૧૦.૨૦

**સિટી પલ્સ, કુડાસણ**

**મરજાવા**
૧૨.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
**હાઉસફુલ-૪**
૩.૪૫, ૯.૩૦
**બાલા**
૯.૪૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

## ચિરવિદાય

- સ્વ. કમલેશભાઈ ભમરાજી રાણા, ઉ.વ. ૧૭
- સ્વ. રાજન ભરતજી ઠાકોર, ઉ.વ. ૧૦
- સ્વ. સુમીત્રાબેન ગીરીશભાઈ વાઘેલા, ઉ.વ. ૩૩
- સ્વ. રમેશભાઈ વીઠાભાઈ દંતાણી, ઉ.વ. ૫૫

## આજે ગાંધીનગરમાં

- સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ચતુર્થ સમૂહ લગ્નોત્સવ સવારે ૬ વાગ્યાથી સે-૧૬ સ્થિત સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન સોમનાથ મહાદેવ મંદિર ખાતે યોજાશે.

## સોમવારે ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનનું સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાતનો સ્નેહમિલન સમારંભ અને સત્કાર કાર્યક્રમ ૨૫મી નવેમ્બરના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલમાં ગાંધીનગર મ્યુ. કમિશનરશ્રી ડૉ. રતનકંવર એચ. ગઢવી ચારણના અતિથિવિશેષ પદે બપોરે ત્રણ કલાકે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે વરિષ્ઠ સભ્યોના સન્માન સાથે આધાર વિહોણા આવતા મજુરો માટે 'રાત્રિ આશરા' બાંધવાની મજુરી મળેલ છે. જે અર્થે મ્યુનિસિપલ કમિશનરશ્રી ડૉ. રતનકુંવર એચ. ગઢવી ચારણનું પણ સન્માન કરાશે. એસોસીએશન સતત ૨૦ વર્ષથી સામાજિક સેવા કરે છે તેમને સતત દોરવણી આપતા ડૉ. ભાનુકાન્ત પી. પરમારનું સન્માન કરવાનું આયોજન કરેલ છે. સમારંભમાં હાજર રહેવા માટે મહામંત્રી વિરચંદભાઈ પરમારે જણાવેલ છે.

## સોમવારે રકતદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

જીઆઈડીસી એન્જીનીયરીંગ એસોસિએશન સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટના સહકારથી સ્વ. રમેશભાઈ દેવજીભાઈ ચૌધરીની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તા. ૨૫ નવેમ્બરના રોજ રકતદાન કેમ્પ યોજાશે. આ કેમ્પ સવારે ૮.૩૦ થી ૧ દરમિયાન સે-૨૮, જીઆઈડીસી એસોસિએશન હોલ ખાતે યોજાશે.